જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૬/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૧૯૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪ લીટર દેશી દારૂ, ૨૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૩ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૧૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૧૯૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૬ વ્યક્તિઓની અને પાસા હેઠલ ૯ ૯વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૯૫/૧૭

**નારણપુરાઃ** હર્ષિદભાઇ જયંતીલાલ પાઠક (ઉ.વ.૭૦) (રહે. અનમોલ ટાવર નારણપુરા ટેલિફોન એક્ષ્ચેન્જની સામે નારણપુરા) એ તા.૮/૬/૧૭ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૯/૧૬ થી તા.૧૯/૫/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મુબઇ ખાતે આવેલ એચ.ડી.એફ.સી લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીની બ્રાન્ચમાં કામ કરતા રોહિત કપુર તથા રાજકુમાર મલ્હોત્રા એ ભેગા મળી નારણપુરા અનમોલ ટાવર ખાતે હર્ષિદભાઇને પોલીસીઓ વિશે ખોટી માહિતિ આપી હર્ષીદભાઈની પોલીસીની રકમ પેટે સિક્યુરિટી ડીપોઝીટના રૂપિયા ૧૩,૯૨,૫૭૦/- મેળવી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

**નવરંગપુરાઃ** ફારૂક અબ્દુલભાઇ શકુર શેખ (ઉ.વ.૩૭) (રહે.નાની ચાલીસગરાની પોળ, કાચની મસ્જીદ જમાલપુર) એ તા.૮/૬/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૬/૧૭ બપોરના ૪/30 થી તા.૮/૬/૧૭ કલાક ૧૦/00 વાગ્યા દરમ્યાન આરોપી (૧) મઝર ફારૂકી (૨) જાવેદ હમીદ અને (૩) સુલતાનભાઇએ ભેગા મળી હીબા ઇન્ટરનેશનલ ટ્રાવેલ્સની ઓફીસ ખોલી હજ ખેદમત સાઉદીમાં જવા દ્લ્લા કંપનીમાં હેલ્પર તરીકેની નોકરી કરવાની રહેશેજેના પગાર પેટે ૧૫00 રીયાલ પગાર ચુકવવામાં આવશે તેમ કહી ફારૂક શેખએ રૂપિયા ૧૭000/- નો ચેક આપેલ જેની તપાસ કરતા ઓફીસ બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી બી રાઠોડ ચલાવે છે.

**મણીનગરઃ** નિકુંજ નરસિંહભાઇ બેરા (ઉ.વ.૨૮) (રહે.આમ્રપાલી ફલેટ સમજુબા હોસ્પીટલ સામે ચાર રસ્તા પાસે બાપુનગર) એ તા.૭/૬/૧૭ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગસ્ટ ૨૦૧૬ થી માહે એપ્રીલ ૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જી.આર.ડી નાઇન ઇંફોર્મેટીક્સ પ્રા.લી નામની કંપનીના વહીવટકર્તા તરીકે જિગ્નેશ રાઠોડ ટ્રાવેલ્સ એજંટઅને (૨) જી.આર.ડી નાઇન ઇંફોર્મેટીક્સ પ્રા.લી નામની કંપનીના એજંટ તરીકે દિપાલી જોષી ટ્રાવેલ એજન્ટ(રહે. મારૂતી કોમ્પલેક્ષ પરસાના જીમ નીચે ક્રોસીંગ પાસે દક્ષિણી રોડ મણિનગર) એ ભેગા મળી નિકુંજ બેરાને વિશ્વાસમા લઇ વિદેશમાં નોકરી અપાવવાના બહાને નિકુંજ બેરા પાસેથી રૂપિયા ૩,૮૦,૦૦૦ મેળવી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**ક્રાઇમ બ્રાન્ચઃ** પ્રિન્સન ચાકો (ઉ.વ.૪૫) (રહે. સ્ટેડીયમ વીલા બંગલોઝ સ્ટેડીયમ રોડ, મોટેરા, સાબરમતી) એ તા.૮/૬/૧૭ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૬/૧૨/૨૦૧૬ થી તા.૨૦/૨/૨૦૧૭ સુધી સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિવેક પરીખ, પ્રોપરાયટર ટ્રાવેલ ટ્રીપ ઓન લાઇન, (રહે. બાલેશ્વર ઉપવન, એક્સિસ બેન્કની પાછળ, બોપલ ઘુમા રોડ) (૨) અમેરીકન એક્સપ્રેસ બેન્કના ક્રેડીટ કાર્ડ નબર ૩૭૪૭૫૯૨૮૬૦૭૧૦૦૫ ના ધારક ડો.આર્નોડ અગસ્ટે સ્ક્રેબર અને (૩) અમેરીકન એક્સપ્રેસ બેન્કના કર્મચારી એ ભેગા મળી નવરંગપુરા સી.જી. રોડ. નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ પાસે, અકબર ટ્રાવેલ્સ ઓફ ઇન્ડીયા પ્રાઇવેટ લીમીટેડ રીઝનલ ઓફીસ. ૧૦૧, ક્રિસ્ટલ આર્કેડ ખાતે એર ટીકીટોનુ પેમેન્ટ અમેરીકન એક્સપ્રેસ બેન્કના ફ્રોડ ક્રેડીટ કાર્ડથી ઓન લાઇન ચુકવી આપવાની વિગત સાથે પેસેન્જરોની વિગત ભરી ગુનાહિત કાવતરૂ રચી આર્નોડ અગસ્ટે સ્ક્રેબરના નામનુ ક્રેડીટ કાર્ડ ખોટુ હોવાનુ જાણવા છતા તેનો ઉપયોગ કરી ક્રેડીટ કાર્ડ, પાસપોર્ટ તથા ક્રેડીટ કાર્ડ ઓર્થોરાઇજેશન ફોર્મની નકલ સામેલ રાખી મોકલી આપી જે વિગતો આધારે પ્રિન્સન ચાકો ની કંપની દ્વારા હન (Hahn) એરલાઇન્સ, તર્કીસ એર લાઇન્સ, જેટ એરવેઝ, એર વિસ્ટારા તથા એર ઇન્ડીયાની આશરે રૂપીયા પાંચ કરોડ ની કિંમતની ૧૦૦૦ જેટલી એર ટીકીટો મેળવી લઇ પ્રિન્સન ચાકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કરી છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૬/૧૭</u>**

**રામોલઃ** મહાવીરભાઇ શંકરલાલ જૈન (રહે. જીનેશ્વર ફ્લેટ, વિભાગ-૧, કે.કે. નગર, ઘાટલોડીયા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૭ બપોરના ૩/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન ને.હા-૮ ઉપર આવેલ કૈલાશ કોલોનીની સામે મેહસાણા અર્બન કો.ઓ. બેંક સામે પાર્ક કરેલ પોતાની ગાડીનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ગાડીમાંથી બેગની ચોરી કરી લઈ ગઈ હતી જે બેગમાં કલકતા આવવા જવાની પ્લેનની ટીકીટ, જરૂરી કાગળો અને રોકડ રૂપિયા ૪૪,૪૫૦/- મતા હતી. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૭/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** ઝવેરભાઈ જોરાભાઈ દેસાઈ (ઉ.વ.૬૦) (રહે. ગામ લાખવડ તા.જી.મહેસાણા) તા.૭/૬/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સોલા કારગીલ પેટ્રોલપંપથી અડાલજ જવા શટલ ઓટોરિક્ષામાં બેઠા હતા. દરમ્યાન સોલા સીવીલ હોસ્પિટલ નજીક જતા રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ ઝવેરભાઈ દેસાઈને ગડદાપાટુનો માર મારી ચપ્પુ બતાવી ઝવેરભાઈના પેન્ટના ખિસામાથી રોકડ રૂપિયા ૩૯,૫૦૦/- કાઢી લઈ લુંટ કરી રીક્ષામાથી ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયદ ઝવેરભાઈ દેસાઈએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૮/૧૭**

**શાહીબાગઃ** લીલાબહેન વા\ઓ બાબુજી ઠાકોર (ઉ.વ.૫૦) (રહે. શ્રીનાથજીની ચાલી ગાંધી વિધાલયની બાજુમાં ગિરધરનગર શાહીબાગ) તા.૮/૬/૧૭ કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ લીલાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૭,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લીલાબહેન ઠાકોરે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દશરથભાઈ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૯/૧૭**

**શાહપુરઃ** ભરતભાઇ ભીખાભાઈ ઠાકોર (રહે. ઘી વાળી ચાલી ચમનપુરા અસારવા શાહીબાગ) એ તા.૭/૬/૧૭ સાંજના ૫/૦૦ દિલ્હી ચક્લા ભાડભુજાના દવાખાના સામે પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ ટીબી ૪૯૦૬ કિમત રૂપિયા ૧,૪૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ભરતભાઈ ઠાકોરે શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.વાય. બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૦/૧૭**

**ઓઢવઃ** સુરેશભાઇ સ/ઓ માંગીલાલ શર્મા (ઉ.વ.૪૫) (રહે. અરિહંત બાગ સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૮/૬/૧૭ કલાક ૭/૫૧ વાગ્ય પહેલા ઓઢવ શ્રી બાલાજી એન્જીનીયરીંગ વર્કસની દુકાનમા લોખંડની પાઇપ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી વજુભાઇ ગીરધરભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.